For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in



## નાણામંત્રી નિર્મલા સીતારમણના આજના કેન્દ્રીય બજેટ પર સૌની મીટ

# ટેક્સટાઈલ, ડાયમંડ, જ્વેલરી, MSMEને રાહતની અપેક્ષા


**ચેમ્બરે ડાયરેક્ટ ટેક્સ, ઇન ડાયરેક્ટ ટેક્સ અને MSME ઉદ્યોગને ફ્લેટ કુલ 84 જેટલાં સૂચનો સરકારને બજેટ પૂર્વે મોકલ્યા છે**

**આજના બજેટમાં ચેમ્બરની કેટલી ભલામણનો સ્વીકાર કરવામાં આવે છે અને ઉદ્યોગોને કેટલી રાહત અપાય છે તે ખબર પડશે**

સુરતઃ કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સીતારમણ દ્વારા આવતીકાલે સંસદમાં બજેટ રજૂ કરવામાં આવશે. બજેટ સંદર્ભમાં ચેમ્બર દ્વારા વેપાર - ઉદ્યોગ જગત અને સામાન્ય જનતાને લગતા વિવિધ પ્રશ્નો અંગે રજૂઆત કરવામાં આવી છે. જોકે, આવતીકાલે બજેટમાં ખબર પડશે કે ચેમ્બરની કેટલી માંગણીનો સ્વીકાર કરવામાં આવ્યો છે.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ વિજય મેવાવાલાએ જણાવ્યું હતું કે, ચેમ્બર દ્વારા પ્રિ-બજેટ મેમોરન્ડમમાં ડાયરેક્ટ ટેક્ષ, ઈનડાયરેક્ટ ટેક્ષ તથા ટેક્ષ્ટાઈલ અને એમએસએમઈ ક્ષેત્રે વિવિધ રજૂઆતો કરવામાં આવી હતી, 70 જેટલા અન્ય સૂચનો ઈન્કમ ટેક્ષ વિભાગને ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા મેમોરેન્ડમમાં સુપ્રત કરવામાં આવ્યા છે. તદુપરાંત, ઈનડાયરેક્ટ ટેક્ષમાં જીએસટી અને કસ્ટમને લગતા વિવિધ સૂચનો

...અનુસંધાન પાના 5 પર



### MSME આવકવેરાની કલમ 43B(H) માં કયા કયા ફેરફાર સૂચવવામાં આવ્યા

- MSME આવકવેરાની કલમ 43B(H)માં ચૂકવણીની કલમ 45 દિવસથી 90 દિવસ સુધી સુધારવી જોઈએ.
- આ અધિનિયમ કાપડ ઉદ્યોગના તમામ વિભાગો પર સમગ્ર સાંકળ પર સમાન રીતે લાગુ થવો જોઈએ જેથી કરીને છૂટકથી જથ્થાબંધ અને પછી MSMEsને ચૂકવણીનું સમયસર પરિભ્રમણ થઈ શકે.
- સૂક્ષ્મ, નાના, મધ્યમ MSME અને ઉત્પાદકો, જથ્થાબંધ, અર્ધ-હોલસેલર્સ, વેપારીઓ, છૂટક વિક્રેતાઓ 90

...અનુસંધાન પાના 5 પર

### ઈનડાયરેક્ટ ટેક્સમાં જીએસટી અને કસ્ટમ, એમએસએમઈ ક્ષેત્રને લગતા આ સૂચનો, પ્રશ્નો રજૂ કરાયા

- બાંધકામ ક્ષેત્રે કેન્સલ બુકીંગ ઉપર ભરેલા જીએસટીનો ભવિષ્યમાં ઉદ્‌ભવનારી જવાબદારીઓને સરભર કરવા માટે ઉપયોગ કરવાની પરવાનગી મળવી જોઈએ. અથવા આવા કેસમાં કેશ રિફંડ મળવા પાત્ર થવું જોઈએ.
- જીએસટીમાં ફરજિયાત રજિસ્ટ્રેશન થ્રેસહોલ્ડ લિમિટમાં ઘટાડો થવો જોઈએ.
- ટેક્ષ્ટાઇલ સેક્ટર માટે ફોર્મ ITC 04 ફરજિયાત ભરવાની જવાબદારીમાંથી મુક્તિ મળવી જોઈએ.
- જીએસટી રજિસ્ટ્રેશન લેતી વખતે જીએસટીની વેબસાઈટ ઉપર વીડિયો વેરિફિકેશનની સુવિધા ઉપલબ્ધ થવી જોઈએ તેવી રજૂઆત કરવામાં આવી છે.

...અનુસંધાન પાના 5 પર

### ડાયરેક્ટ ટેક્સને લગતા આ મુખ્ય મુદ્દાઓની બજેટ પૂર્વે રજૂઆત કરાઈ

- ઈન્કમટેક્ષની કલમ 43B(H)માં માત્ર માઈક્રો અને સ્મોલ ઉદ્યોગકારોનો જ સમાવેશ છે તથા અનરજિસ્ટર્ડ ટ્રેડર્સની વ્યાખ્યામાં સ્પષ્ટીકરણ નથી. એવા સંજોગોમાં ઊભી થયેલી પરિસ્થિતિના કારણે ઉદ્યોગ અને ઉદ્યોગકારોને ધ્યાનમાં લઈ કલમ 43B(H) અંગે વિસંગતતા દૂર કરવા માટે સૂચન કરવામાં આવ્યું છે.
- દેશમાં એમએસએમઈ ઉદ્યોગોને પ્રોત્સાહન મળે તેવા ઉદ્દેશ્યથી એમએસએમઈ પોર્ટલ પર જે કોઈપણ એમએસએમઈ ઉદ્યોગો રજિસ્ટર્ડ થયા હોય એ તમામને ઈન્કમટેક્ષ દર, કોર્પોરેટ સેક્ટરને લાગતો ઈન્કમટેક્ષ દર એકસરખો જ

...અનુસંધાન પાના 5 પર

### જેમ અને જ્વેલરીની નિકાસને પ્રોત્સાહન આપવા GJEPCની સરકારને ભલામણો

GJEPCએ બજેટ પહેલા સરકારને ઘણી ભલામણો રજૂ કરી છે. જેમાં સરકારને સેફ હાર્બર નિયમ દ્વારા સ્પેશિયલ નોટિફાઇડ ઝોન (SNZs)માં રફ હીરાના વેચાણની તેની લાંબા સમયથી પડતર માંગણી પર વિચારણા કરવી, ઓનલાઈન હરાજી દ્વારા રફ હીરાનું વેચાણ કરવામાં આવે ત્યારે 2 %ની ઇક્વલાઇઝેશન લેવી ટાળવી, SNZ ખાતે રફ ડાયમંડ બ્રોકિંગ અને ટ્રેડિંગ કંપનીઓને સુવિધા આપવી, SNZના વ્યાપને વધુ વિસ્તારવા વૈશ્વિક સ્તરે માન્ય ડાયમંડ બ્રોકિંગ/ટ્રેડિંગ હાઉસ જેમ કે બોનાસ અને આઈ હેનિગને પણ આવા SNZથી કામ કરવાની મંજૂરી આપવી,

...અનુસંધાન પાના 5 પર

# તબીબ પર છેડતીનો આરોપ મુકનાર મહિલા કર્મી અને તેની માતાએ 20 લાખ માંગ્યાનો આક્ષેપ

**પોલીસે** તબીબ ડો. પ્રતીક માવાણીની પણ ફરિયાદ લઈને તેમની પર હુમલો કરનારા સામે રાયોટિંગનો ગુનો નોંધ્યો

સુરતઃ કાપોદ્રામાં આવેલા મારૂતિ એક્સરે અને સોનોગ્રાફી હોસ્પિટલમાં ગતરોજ મહિલા કર્મચારીની છેડતી કરવામાં આવી હતી. જેથી ભોગ બનનાર મહિલાના પરિવારજનોએ ડોક્ટરની બરાબરની ધુલાઈ કરી નાખી હતી. ડો.પ્રતીક માવાણીએ ૧૦ થી વધારે લોકો સામે રાયોટિંગની પોલીસ ફરિયાદ નોંધાવી છે. આ ફરિયાદમાં ડોકટરે મહિલા કર્મચારી અને તેની માતાએ છેડતીનો આરોપ મૂકીને પતાવટ માટે રૂપિયા ૨૦ લાખની માંગણી કરી હોવાનો આક્ષેપ પણ કરવામાં આવ્યો છે

કાપોદ્રા પોલીસ પાસેથી મળતી વિગતો મુજબ સરથાણા વિસ્તારમાં આવેલી ફ્લોરલ વુમન્સ હોસ્પિટલના માલિક પ્રતીક જીવરાજભાઈ માવાણી

...અનુસંધાન પાના 5 પર

### પૈસાની માંગણી કરનાર મોહિત નામના યુવક પર કોના આશીર્વાદ

સુરતઃ સૂત્રો પાસે મળતી માહિતી મુજબ યુવતીએ છેડતી મામલે ઘરે ફોન કરતાં તેની માતા અને મોહિત નામનો વ્યક્તિ મોટું ટોળું લઈ ઘટના સ્થળે પહોંચી ગયો હતો. ત્યાં ડોકટર પર છેડતીનો આરોપ મૂકી ડોકટર પાસે પૈસાની માંગણી કરી હતી. જે બાદ ડોકટર મોહિતની વાતમાં નહીં આવતા ડોકટરને મેથી પાક આપતા હોસ્પિટલમાં ખેડવામાં આવ્યો હતો. મોહિત પર સુરતમાં કયા મોટા માથાનો હાથ છે તે મામલે સવાલ ઉઠી રહ્યા છે. આ મામલે ડોકટર અને મેડિકલ એસોસિએશને મોહિતને સબક શીખવવા પોલીસને રજૂઆત કરી છે.

# પાલના ટૂર્સ ટ્રાવેલ્સના એજન્ટોએ ઓસ્ટ્રેલિયાના વર્ક વિઝાના નામે 24 લાખ પડાવી લીધા

**ગૌતમી** ઈમિગ્રેશન ટૂર્સ ટ્રાવેલ્સના એજન્ટો લાખોનું ઉઠમણું કરી ફરાર

**બોગસ** વર્ક વિઝા બનાવી ઠગાઈ કરનાર મહિલા સહિત ત્રણ સામે ગુનો નોંધાયો

સુરતઃ પાલ આરટીઓની સામે આવેલા મારવેલા બિઝનેસ હબમાં ગૌતમી ઈમીગ્રેશન ટૂર્સ અને ટ્રાવેલ્સના ઠગબાજો લાખોનું ઉઠામણું કરીને ઓફિસ બંધ કરી ફરાર થઈ ગયા છે. મહિલા સહિત ત્રણ ઠગબાજોએ ઓસ્ટ્રેલિયાના વર્ક વિઝા આપવાને બહાને ત્રણ અલગ અલગ વ્યક્તિઓ પાસેથી રૂ. ૨૪ લાખ પડાવી લીધા હતા. પોલીસે એક ઠગબાજની ધરપકડ કરી છે.

કતારગામ વિસ્તારમાં આવેલી ગાયત્રી પરિવાર સોસાયટીમાં રહેતા હિરેનભાઈ અરવિંદભાઈ વાકડીયા ટૂર્સ ટ્રાવેલ્સના વ્યવસાય કરે છે. ગતરોજ તેઓએ પ્રમોદકુમાર યાદવ

...અનુસંધાન પાના 5 પર

### મહિલા કાઉન્સિલર રાખી વિઝા આપવાનો વેપલો કરતા હતા

ઠગ ટોળકી મુળ યુપીની છે. તેઓ સુરત ખાતે ઓફિસ રાખી અન્ય વિઝા એજન્ટનો સંપર્ક કરતા હતા. આ એજન્ટો કે અન્ય કોઈ વ્યક્તિઓના વિઝા નહીં નીકળતા પોતાની મોટી ઓળખ હોવાનું કહી વિઝાનું કામ લેતા હતા. ટોળકીએ વિઝાના વેપલા માટે કાઉન્સલિંગ કરવા સુંદર મહિલા રાખી હતી. ક્લાઈન્ટ સુંદર મહિલાની વાતોમાં આવી જતા અને બાદમાં કોઈ પણ ખાતરી કર્યા વગર વિઝાની પ્રોસેસ માટે પૈસા આપી જતા હતા.

### ડમી વેબસાઈટ પર વિઝા બતાવી દેતા હતા

આ ઠગ ટોળકી અલગ અલગ દેશની ડમી વેબસાઈટ બનાવતા તેમાં ક્લાઈન્ટને તે વિઝા થઈ ગયાનું બતાવી મોટી રકમ પડાવી લેતા હતા. આ વેબસાઈટ ત્રણ દિવસમાં આપોઆપ ડિલીટ થઈ જતી હતી.

### રાજ્યમાં અનેક લોકોને ફસાવ્યા હોવાની શંકા

પોલીસે ગુજરાતમાં પણ ઠગબાજોની જાળમાં કેટલાક લોકો ફસાયા હોવાની શંકા વ્યક્ત કરી છે.આ ઠગ બાજોની વડોદરામાં પણ વિઝા કન્સલ્ટન્સીની ઓફીસ હોવાની જાણ થતાં તેની પણ તપાસ કરી રહી છે.

## જો યોગ્ય આયોજનો કરવામાં આવે તો સુરત સ્પોર્ટ્સ સિટી બની શકે તેમ છે

# ખેલ મહાકુંભઃ પાંચ લાખ ખેલાડીઓએ ભાગ લીધો પણ ઈન્ફ્રાસ્ટ્રક્ચરના નામે મીંડુ

**ખેલાડીઓમાં** યોગ્ય ક્ષમતા છતાં ઈનડોર તથા આઉટડોર બંને રમતોમાં ખેલાડીઓ માટે સ્ટેડિયમ અને યોગ્ય મેદાનોનો અભાવ

સુરતઃ રાજ્ય સરકાર દ્વારા આયોજીત ખેલમહાકુંભમાં સુરત શહેર અને જિલ્લામાંથી 5 લાખ ખેલાડીઓ દ્વારા ભાગ લેવામાં આવ્યો પરંતુ આટલી મોટી સંખ્યામાં ખેલાડીઓ જોડાવા છતાં પણ ખેલમહાકુંભમાં

...અનુસંધાન પાના 5 પર

### કયા કયા પ્રકારનું ઈન્ફ્રાસ્ટ્રકચર નથી?

ખેલાડીઓ માટે રમત ગમતનાં કૌશલ્યો દર્શાવવા માટે યોગ્ય ઈન્ફ્રાસ્ટ્રચરનો અભાવ હોવાનું સામે આવ્યું છે. ખેલાડીઓમાં પૂરતી ક્ષમતા હોવા છતાં ઈન્ડોર તથા આઉટડોર, બંને રમતોમાં ખેલાડીઓ માટે સ્ટેડિયમો તથા યોગ્ય મેદાનોનો પણ પૂરતા પ્રમાણમાં અભાવ જોવા મળી રહ્યો છે. શહેરની રિમોટ એરીયાની શાળાઓનાં મેદાનો ઉપર ખેલાડીઓ તેમની રમત રજૂ કરી રહ્યા છે.

### 42 કરોડનું બજેટ ફાળવામાં આવી રહ્યું છે છતાં સમસ્યા

ખેલ મહાકુંભની શરૂઆત વર્ષ 2010થી શરૂ થઈ હતી ત્યારે 6 જેટલી રમતોમાં ખેલાડીઓ ભાગ લેતા હતાં. હાલ 24 જેટલી અલગ-અલગ રમતો રમાઈ રહી છે જેનાં બજેટ અંગેની માહિતી આપતાં જિલ્લા રમત ગમત અધિકારી કનુ રાઠોડે જણાવ્યું હતું કે, રાજ્ય સરકાર તરફથી કુલ 42 કરોડનું બજેટ ફાળવવામાં આવે છે. તેમાંથી વિજેતા ખેલાડીઓને ઓનલાઈન 5 હજારથી લઈ ને 2 હજાર રૂપિયા સુધીનાં રોકડ ઈનામો આપવામાં આવે છે.

# શિવસેના શિંદે જૂથના કાર્યકર્તાની હત્યા કરી લાશ કારમાં નાંખી પાણીમાં ફેંકી દીધી

**મહારાષ્ટ્રના** તલાસરીના યુવાનની હત્યા કરાયેલી લાશ સરીગામની પથ્થરની ક્વોરીના ઊંડા પાણીમાંથી મળતા ચકચાર

**મહારાષ્ટ્રના** તલાસરી વેવજીના શિવસેના શિંદે જૂથના કાર્યકર્તાનું અપહરણ સંબંધીઓએ જૂની અદાવતમાં કર્યુ હતું





ઉમરગામઃ શિવસેના શિંદે જૂથના કાર્યકર્તા મહારાષ્ટ્ર તલાસરી વેવજી ગામના અશોક ધોડીનું 20 જાન્યુઆરીના રોજ ઘોલવડ પોલીસ સ્ટેશનની હદમાં ઝાંઈ બોરીગામ રોડ ઉપરથી અપહરણ થયું હતું. દસ દિવસ બાદ અશોક ધોડીની લાશ અને કાર ગુજરાતના ભીલાડ નજીક સરીગામ માલા ફળિયામાં આવેલી પથ્થરની ક્વોરીના ઊંડા ખાડામાં પાણીમાંથી મળી આવતા ચકચાર મચી જવા પામી હતી. અશોક ધોડીની હત્યા કરી લાશ કારની ડીકીમાં બંધ કરી કાર સાથે પાણીમાં ફેંકી દેવામાં આવી હતી.

પ્રાપ્ત સૂત્રો પાસેથી જાણવા મળતી વિગતો મુજબ ઉમરગામને અડીને પૂર્વમાં આવેલા મહારાષ્ટ્રના તલાસરી તાલુકાના વેલજી ગામ ખાતે રહેતા શિંદે શિવસેના જુથના કાર્યકર્તા અશોકભાઈ ધોડી (ઉ.વ.આશરે 50) કોઈ કામ અર્થે મુંબઈ ગયા હતા અને પરત ટ્રેનમાં દહાણુ આવી પોતાની લાલ કલરની બ્રિઝા કાર લઈને 20

...અનુસંધાન પાના 5 પર





# ઉધના રેલવે સ્ટેશન બહાર 'નો પાર્કિંગ ઝોન'માં જ 'પે એન્ડ પાર્ક'

**ફરી** આડેધડ પાર્કિંગના લઈ ટ્રાફિકની સમસ્યા ઉગ્ર બની

સુરતઃ ઉધના રેલવે સ્ટેશન સામે ટ્રાફિકની સમસ્યા દિવસેને દિવસે ગંભીર બની રહી છે. ટ્રાફિક પોલીસ દ્વારા સ્ટેશન સામેના વિસ્તારમાં નો પાર્કિંગ ઝોન જાહેર કરાયો હોવા છતાં, ત્યાં આડેધડ પાર્કિંગ થઈ રહ્યું છે. જેને લઈને ટ્રાફિક સમસ્યા ઉગ્ર બની રહી છે.

સુરત રેલ્વે સ્ટેશન ખાતે રિડેવલમેન્ટની કામગીરી ચાલી રહી છે. જેને કારણે 200 જેટલી ટ્રેનોને ઉધના સ્ટેશન ખાતે શિફ્ટ કરવામાં આવી છે. જેથી ઉધના સ્ટેશનની બહાર ટ્રાફિકની સમસ્યા ન સર્જાઈ તે માટે સુરત ટ્રાફિક પોલીસ તેમજ સુરત મહાનગરપાલિકા દ્વારા કામગીરી હાથ ધરવામાં આવી હતી અને ટ્રાફિક પોલીસ દ્વારા સ્ટેશનની સામેના વિસ્તારમાં નો પાર્કિંગ ઝોન તરીકે જાહેર કરી ત્યાં બોર્ડ મારી દેવામાં આવ્યા છે. તેમ છતાં ત્યાં રિક્ષા ચાલકો આડેધડ રિક્ષા પાર્ક દેતાં ટ્રાફિકની સમસ્યા યથાવત જોવા

...અનુસંધાન પાના 5 પર

### દબાણો ફરી જૈસે થે

મનપા અધિકારીઓ અને પોલીસે દબાણ હટાવવાની કામગીરી હાથ ધરી હોવા છતાં, સ્ટેશનની બહાર ફરીથી અનધિકૃત દબાણો ઉભા થઈ ગયા છે. રસ્તાઓ પર ફરીથી લારી-ગલ્લાનો કબજો થયો છે, જેનાથી ચાલકોને પસાર થવામાં મુશ્કેલી પડી રહી છે.

### ફાયદો ઉઠાવવા સ્થાનિક કોમ્પ્લેક્સવાળાએ પે એન્ડ પાર્ક ચાલુ કરી દીધું

ઉધના રેલ્વે સ્ટેશનના પાર્કિંગ ઝોનમાં બપોરે 12 વાગ્યાં સુધીમાં પાર્કિંગ ફૂલ થઇ જાય છે. જેને લઇને વાહન પાર્કિંગમાં લોકોને હાલાકી પડી રહી છે. જેનો ફાયદો ઉઠાવી ઉધના શોપિંગ સેન્ટરના લોકોએ કોમ્પ્લેક્ષની બહાર પે એન્ડ પાર્ક કરી લોકોને લૂંટવાનો ધંધો શરૂ

...અનુસંધાન પાના 5 પર




**નવમી પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ**

સારા કર્મોની સુવાસ સદાય રહેશે,
આપની મીઠી વાણી હંમેશા યાદ રહેશે,
દેહથી ભલે આપ અદ્રશ્ય થઇ ગયા,
પરંતુ આપની યાદ હંમેશા રહેશે.
પ્રભુ આપના દિવ્ય આત્માને પરમ શાંતિ અર્પે એજ પ્રાર્થના

લિ.
ધર્મેશ ધનસુખલાલ મહેતા
હંસાબેન ધનસુખલાલ મહેતા
વૈશાલી નીતિન ગાંધી પ્રીતિ ધર્મીન ચાહવાલા
જેમલ ધર્મેશ મહેતા કાશ્મીરા કાર્તિક મોદી

સ્વ. ધનસુખલાલ મગનલાલ મહેતા
સ્વ.તા.૦૧/૦૨/૨૦૧૬



**દ્વિતીય પુણ્યતિથિએ ભાવભીની શ્રદ્ધાંજલિ**

સ્વ. દિનેશચંદ્ર કીકાભાઈ ગોળવાળા
સ્વ.તા.૦૧-૦૨-૨૦૨૩

જીવન એવું જીવી ગયા કે જોનારા જોયા કરે, કર્મો એવા કર્યા કે સૌના હૃદયમાં ગુંજ્યા કરે,
દુઃખથી કદી ડર્યા નહી, સુખથી કદી છલકાયા નહી, વ્યવહાર કદી ચૂકયા નહી,
ધર્મ કદી ભુલ્યા નહી, આપનો નિડર પરોપકારી જીવ હૃદયમાં અમર રહેશે.
પ્રભુ આપના આત્માને પરમ શાંતિ અર્પે એજ પ્રાર્થના

લિ.
ગં.સ્વ. પ્રભાબેન દિનેશચંદ્ર ગોળવાળા
ધર્મેશ દિનેશચંદ્ર ગોળવાળા (ટેક્ષ કન્સલટન્ટ) તેજલ ધર્મેશ ગોળવાળા
ભાવિન દિનેશચંદ્ર ગોળવાળા ભૂમિકા ભાવિન ગોળવાળા
નીલ ધર્મેશ ગોળવાળા પ્રથમ ભાવિન ગોળવાળા
યુગ્મ ધર્મેશ ગોળવાળા

Dinesh Tours N Travels
Consilium Tax Management Services P. Ltd.



**દ્વિતીય પુણ્યતિથિએ હૃદયભીની શ્રદ્ધાંજલિ**

સ્વ. દિનેશચંદ્ર કીકાભાઇ ગોળવાળા
સ્વ.તા.૦૧-૦૨-૨૦૨૩

એક ચહેરો જે દ્રષ્ટિમાંથી કદી ભૂલાય નહીં, સુખ મળે, વૈભવ મળે,
મળે દુનિયાના બધા સુખ, પણ જનારા પાછા ન મળે, એ જ અમારા સૌનું દુઃખ.
એક હૂંફ જે કયારેય હવે કદી મળશે નહીં.
પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના...

લિ.
ગં.સ્વ. પ્રભાબેન દિનેશચંદ્ર ગોળવાળા
ધર્મેશ દિનેશચંદ્ર ગોળવાળા (ટેક્ષ કન્સલ્ટન્ટ) તેજલ ધર્મેશ ગોળવાળા
નીલ ધર્મેશ ગોળવાળા યુગ્મ ધર્મેશ ગોળવાળા
દિનેશ ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ
Consilium Tax Management Services P. Ltd. (Founder - Director)
Lawtech Vakalat House Private Limited (Founder - Director)



**પ્રથમ માસિક શ્રદ્ધાંજલિ**

સ્વ. હિતેશભાઈ છનાભાઈ પટેલ
સ્વ.તા : ૦૧/૦૧/૨૦૨૫

આંખો હજી નિહાળે છે તમને, અંતર હજી પોકારે છે તમને,
તમારૂં સ્મરણ થાય છે ત્યારે, મન મુકીને રડાવે છે અમને,
કલ્પી ન શકાય તેવી તમારી વસમી વિદાય
અમારૂં કાળજું કંપાવી ગઇ.
પ્રભુ આપના દિવ્ય આત્માને શાશ્વત શાંતિ અર્પે એવી સર્વની પ્રાર્થના.

શોકાતુર
ગં.સ્વ. હીરાબેન છનાભાઈ પટેલ
ગં.સ્વ. કેતનાબેન હિતેશભાઈ પટેલ
કિરીટભાઈ છનાભાઈ પટેલ
મલય કિરીટભાઈ પટેલ
ચિંતનકુમાર મોહનભાઈ પટેલ (જમાઈ)
ઝીલ ચિંતન પટેલ (પુત્રી)
ખુશી હિતેશભાઈ પટેલ (પુત્રી)

**અવસાન, બેસણું, શ્રધ્ધાંજલી, શોકસભા, રસમ પઘડી, ઈન્તેકાલ, પ્રાર્થનાસભા**

ફિક્સ્ડ સાઈઝ ૫×૨ અથવા ૧૦×૧

| છેલ્લા પાને | અંદરના પાને | છેલ્લા પાને કલર |
|---|---|---|
| ₹૧૮૦૦/- | ₹૧૫૦૦/- | ₹૨૫૦૦/- |

| ફિક્સ્ડ સાઈઝ ૧૦×૨ | છેલ્લા પાને | અંદરના પાને | છેલ્લા પાને કલર |
|---|---|---|---|
| | ₹૪૫૦૦/- | ₹૩૦૦૦/- | ₹૫૨૦૦/- |

(+GST EXTRA)

ગુજરાતમિત્ર
જાહેરાત માટે મળો : ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત.
ફોન : ૨૫૯૯૯૯૧ ફેક્સ : ૨૫૯૯૯૯૦



**છઠ્ઠી પુણ્યતિથિએ ભાવભીની શ્રદ્ધાંજલિ**

આપની અચાનક વિદાય આજે પાંચ વર્ષ પુરૂ થયું. છતા એમ લાગે છે, આપ અમારી સાથે જ છો પળે પળે આપની યાદ આવે છે. આ સ્મરણો એજ અમારો શ્વાસ છે આપનો નવકારમય આત્માભવ ભ્રમણથી મુક્ત થઈ મોક્ષ સુખ પામો એજ પરમ કૃપાળુ પરમાત્માને અંતરથી પ્રાર્થના કરતા આપના પરિવારજનો

લિ.
ગં.સ્વ. રમણબેન રતીલાલ જરીવાલા
સ્વ. બળવંતરાય રતિલાલ જરીવાલા ગં.સ્વ. હેમુબેન બળવંતરાય જરીવાલા
રાકેશ બળવંતરાય જરીવાલા રીન્કી રાકેશકુમાર જરીવાલા
કામિનીબેન સંદીપકુમાર ચેવલી મનિષાબેન પિન્ટુકુમાર ઝંડાવાલા
મહેન્દ્રભાઈ રતિલાલ જરીવાલા
ઈશ્વરભાઈ રતિલાલ જરીવાલા ઈન્દિરાબેન ઈશ્વરભાઈ જરીવાલા
કિરિટભાઈ રતિલાલ જરીવાલા વૈશાલીબેન કિરિટભાઈ જરીવાલા
સૂર્યકાન્તભાઈ રતિલાલ જરીવાલા પ્રવિણાબેન સૂર્યકાન્તભાઈ જરીવાલા
જીયા, પ્રિન્સી, ચિંતન, રાજવી, જરીવાલા પરિવાર

સ્વ. રતિલાલ જરીવાલા
સ્વ.તા. ૦૧/૨/૨૦૧૯



**પ્રથમ વાર્ષિક પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ**

"પ્રેમ અને કર્મથી સહુના મન જીતી લીધા"
"છાને ખુણે રડી લઈશું આવશે તમારી યાદ"
"જ્યાં કુદરત અમારી રૂઠે છે, ત્યાં કોને કરવી ફરીયાદ"
"મન હજુ માનતું નથી કે તમે અમારી વચ્ચે નથી હયાત"
"પ્રભુ તમારી આત્માને પરમ શાંતિ અર્પે એજ પ્રાર્થના"

લિ.
રમેશચંદ્ર બી. પટેલ
હિતેશ આર. પટેલ
રાકેશ આર. પટેલ
યેશા એચ. પટેલ
તથા પરિવાર

સ્વ. અંજનાકુમારી રમેશચંદ્ર પટેલ
સ્વ.તા. ૦૧-૦૨-૨૦૨૪



**પ્રથમ પુણ્યતિથીએ શ્રદ્ધાંજલિ**

તમારૂં જીવન અમારી વચ્ચે નથી રહયું પરંતુ તમારી સ્મૃતિ હર હંમેશા અમારા હૈયે કોતરાયેલી રહેશે. અમોને આજીવન આપની ખોટ અનુભવાશે, જયાં સુધી જીવીશું ત્યાં સુધી હર પળે તમને યાદ કરતા રહીશું,
પ્રભુ આપના આત્માને પરમ શાંતિ અર્પે એ જ પ્રાર્થના...

લિ. દલસુખભાઈ છગનભાઈ પટેલ (એડવોકેટ) તથા સમસ્ત દેવજીબાપા વાઘવાલા પરિવાર
મો.નં. ૯૮૭૯૭ ૬૭૭૪૯

સ્વ. નંદીબેન છગનભાઈ પટેલ
સ્વ.તા. ૦૧-૦૨-૨૦૨૪
નિવાસસ્થાન : મુ.પો.પાલ, ટેકરી ફળિયું, કોળીવાડ, તા.સીટી (અડાજણ), જી. સુરત.